CIMS News
Care & Cure
Volume-5 | Issue-51 | October 25, 2014








## હાર્ટ એટેકની જેમ આંતરડાનો પણ એટેક હોય ? SMA થ્રોમ્બોસીસ અને મેસીવ ઈન્ટેસ્ટીનલ ગેંગ્રીન એટલે શું ?

જેમ હૃદયને લોહી પહોચાડતી ધમનીમાં બ્લોક થવાથી હાર્ટ એટેક થાય તેમ આંતરડાની મુખ્ય ધમની (SMA સુપીરીયર મીઝેન્ટ્રીક આર્ટરી) માં બ્લોક થવાથી મોટા ભાગના આંતરડાનું (Massive Intestinal) ગેંગ્રીન થઈ શકે છે.

આ એક ગંભીર સમસ્યા છે. પેટમાં અચાનક અસહ્ય દુખાવો થાય છે. હૃદયના વાલ્વની તકલીફવાળા દર્દીઓને લોહીના ગઠ્ઠાને લીધે આંતરડાની ધમનીમાં બ્લોક થઈ શકે છે. મોટી ઉંમરના વ્યકિત જેમને ડાયાબીટીસ કે બ્લડ પ્રેશરની તકલીફ હોય તેમને આમ થવાની શકયતા વધારે હોય છે. છતાં નાની ઉંમરના સ્વસ્થ વ્યકિતમાં પણ અમે ઘણી વખત આ સમસ્યા જોયેલી છે.

જો દુખાવાના કલાકોમાં પેટના સ્પેશ્યાલીસ્ટ સર્જનની સલાહ લેવાય અને પેટના સીટી સ્કેન અને લોહીના રીપોર્ટથી આ રોગનુ નિદાન થાય તો ગેંગ્રીન થતુ અટકાવી શકાય છે. દવાથી અથવા એન્જીયોપ્લાસ્ટીથી ધમની ખોલી શકાય. જો ગેંગ્રીનની શરૂઆત થઈ ગઈ હોય તો તેનું પ્રમાણ ઓછું કરી શકાય અને આંતરડા બચાવી શકાય.



Massive intestinal gangrene

આંતરડાનું ગેંગ્રીન થયા પછી ઓપરેશન કરીને આંતરડું કાઢવું જરૂરી છે. આંતરડું કેટલા પ્રમાણમાં ખરાબ થયું છે તેના પરથી નકકી કરી શકાય કે દર્દી કેટલા સમયમાં સાજો થશે. મેસીવ ઈન્ટેસ્ટીનલ ગેંગ્રીન માં મોટા ભાગના આંતરડા ખરાબ થવાથી તેમને કાઢવાની જરૂર પડી શકે છે. આવા દર્દી માટે ખોરાક પચાવવો મુશ્કેલ ખૂબ છે. આવા દર્દીને સ્પેશ્યલ નસમાંથી ખોરાક (TPN ટોટલ પેરેન્ટ્રલ ન્યુટ્રીશન) આપવાની જરૂર પડે છે જે લાંબો સમય આપવો પડે.




SMA Thrombosis

આંતરડાના ટ્રાન્સપ્લાન્ટનો બીજો પણ એક રસ્તો છે. ટ્રાન્સપ્લાન્ટ ખૂબ ખર્ચાળ છે તથા તે બહુ ઓછી જગ્યાએ થાય છે અને તેનો બહોળો અનુભવ હજુ કોઈની પાસે નથી.

આ બધુ જાણીને એમ કહી શકાય કે આ તકલીફને પહેલાંના કલાકોમાં નિદાન કરી ગેંગ્રીન થતું રોકવું ખૂબ જ અગત્યનું છે. તેના માટે અચાનક પેટમાં થતો અસહ્ય દુખાવો કયારેય હળવાશથી લેવો જોઈએ નહી અને તાત્કાલીક પેટના સર્જનની સલાહ લેવી જોઈએ. નીચે ફોટામાં અમારા એક ૩૨ વર્ષના આ તકલીફના દર્દીની વાત કરીએ. તેમને મોટા ભાગના આંતરડા ગેંગ્રીનને કારણે કાઢવા પડયા હતા. કુલ બે મહિના તેમને નસમાંથી ખોરાક અપાયો હતો.ત્રણ વખત પેટના ઓપરેશન થયા, એક સમયે ટ્રાન્સપ્લાન્ટની શકયતા પણ વિચારી જેની અંતે જરૂર પડી નથી. અત્યારે પંકજભાઈ (નામ બદલેલ છે) એક સામાન્ય જીંદગી જીવી રહયા છે.




**ડૉ.ચિરાગ ઠક્કર**
MS, MRCS Ed
જી આઇ, લેપ્રોસ્કોપીક અને બેરીયાટ્રીક સર્જન
(મો) +૯૧-૮૪૬૯૩ ૨૭૬૩૪


**જી.આઇ. સર્જરી અને ગેસ્ટ્રોએન્ટ્રોલોજી ટીમ**


**ડૉ. જયંત ઝાલા**
MS, FMAS, DLS
કન્સલટન્ટ સર્જન - સર્જીકલ ગેસ્ટ્રોએન્ટ્રોલોજી, હીપેટોબીલીયરી અને લેપ્રોસ્કોપી
(મો) +૯૧-૯૭૧૨૯ ૯૭૦૯૬

**ડૉ. યતીન પટેલ**
MS (Endoscopist)
કન્સલટન્ટ - ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટ
(મો) +૯૧-૯૮૨૫૦ ૬૩૩૬૩

**ડૉ. ભાવેશ ઠક્કર**
MD (Medicine)
DNB (Gastro) Gold Medalist
પેટના રોગોના નિષ્ણાંત
(મો) +૯૧-૯૭૨૭૭ ૦૭૨૧૪